ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

કારની છત અને દરવાજો તોડી ચાલકનું રેસ્ક્યુ કરાયું, ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયો

વાઘોડિયાના માડોધર નજીક ટાયર ફાટતાં કાર ટ્રાન્સફોર્મરના વીજપોલ સાથે ધડાકાભેર અથડાઈ

ટક્કરથી વીજપોલના બે કટકા થયા, કારનો કચ્ચરઘાણ વળ્યો

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.16

વાઘોડિયા તાલુકાના માડોધર ગામ નજીક આજે બપોરે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે પસાર થઈ રહેલી સફેદ રંગની આઈ-20 કારનું અચાનક ટાયર ફાટતાં ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે બેકાબૂ બનેલી કાર માડોધર નજીક માં સખત પાણી સપ્લાયરના પ્લાન્ટ પાસે આવેલા જી.ઈ.બી. ના ટ્રાન્સફોર્મરના વીજપોલ સાથે ધડાકાભેર અથડાઈ હતી.

અકસમાતની ટક્કર એટલી પ્રચંડ હતી કે મજબૂત વીજપોલ વચ્ચેથી બે કટકા થઈ જમીનદોસ્ત થઈ ગયો હતો, જ્યારે કારનો આગળનો ભાગ અને વચલો હિસ્સો પણ સંપૂર્ણપણે કચ્ચરઘાણ થઈ ગયો હતો. ધડાકાનો અવાજ સાંભળીને આસપાસના રહીશો, રાહદારીઓ અને માડોધરના યુવાનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. કારમાં ફસાયેલા ચાલકને બહાર કાઢવા સ્થાનિકોએ બચાવ કામગીરી શરૂ કરી હતી.



કારમાં સવાર માડોધરના પ્રોવિઝન સ્ટોરના સંચાલક પરમાર અતુલ મહેશભાઈને માથા અને છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

અકસ્માતને પગલે વીજપુરવઠો બંધ થઈ જતાં મોટી જાનહાનિ ટળી હતી. બીજી તરફ, કેનાલથી માડોધર સુધીનો માર્ગ અકસ્માતોની ઘટનાઓને પગલે ગ્રામજનો માટે ચિંતાનો વિષય બન્યો છે. આ માર્ગ પર દર સપ્તાહે નાની-મોટી અકસ્માતની ઘટનાઓ બનતી હોવા છતાં યોગ્ય સુરક્ષા વ્યવસ્થાના અભાવે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

વાઇલ્ડ લાઇફ ટ્રસ્ટની ટીમે વન વિભાગના માર્ગદર્શન હેઠળ મગરનું રેસ્ક્યુ કર્યું

માલસરમાં સત્યનારાયણ મંદિર નજીક મુખ્ય માર્ગ પર મગર દેખાતાં ફફડાટ

(પ્રતિનિધિ) શિનોર, તા.16

શિનોર તાલુકાના નર્મદા નદી કિનારેમાલસર ગામે આવેલા શ્રી સત્યનારાયણ મંદિર નજીકના મુખ્ય માર્ગ પર રાત્રિના આશરે 12:37 કલાકે એક મગર જોવા મળ્યો હતો. અચાનક મુખ્ય માર્ગ પર મગર દેખાતાં ત્યાંથી પસાર થતા લોકો તેમજ ગ્રામજનોમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આ ઘટનાની જાણ ગ્રામજનો દ્વારા તાત્કાલિક વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટના ભરત મોરેને ટેલિફોનિક કરવામાં આવી હતી. જાણ થતાં જ ભરત મોરેની ટીમ વિલંબ કર્યા વિના ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યારબાદ શિનોર વન વિભાગ



દ્વારા આપવામાં આવેલી સૂચના અને માર્ગદર્શન મુજબ મગરના રેસ્ક્યુની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ટીમે ભારે જહેમત અને સાવચેતીપૂર્વક કામગીરી હાથ ધરી મગરને સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યો હતો.

રેસ્ક્યુ કરવામાં આવેલા મગરને શિનોર વન વિભાગ દ્વારા જરૂરી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ નર્મદા નદીમાં સુરક્ષિત રીતે છોડવામાં આવશે.

આ સમગ્ર રેસ્ક્યુ કામગીરી દરમિયાન ઉપસ્થિત ગ્રામજનોએ વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ભરત મોરેની ટીમની સમયસૂચકતા, હિંમત અને સરાહનીય કામગીરીને બિરદાવી હતી. મગરનું સફળ રેસ્ક્યુ થતાં માલસર ગામના ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

ડભોઈમાં જલારામ જયંતિની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાઈ

અન્નકૂટ, પાદુકા પૂજન, ધ્વજારોહણ અને ભજન-કીર્તનના કાર્યક્રમો યોજાયા

(પ્રતિનિધિ) ડભોઇ, તા. 16

ડભોઈ પંથકમાં પૂજ્ય જલારામ બાપાની જન્મજયંતિની શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ડભોઈની હીરા ભાગોળ બહાર આવેલા 41 વર્ષ જૂના પૌરાણિક જલારામ મંદિરે વહેલી સવારથી જ દર્શનાર્થે ભક્તોનો પ્રવાહ ઉમટ્યો હતો. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ જલારામ બાપાનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

જયંતિ નિમિત્તે મંદિર ખાતે ભવ્ય અન્નકૂટનું આયોજન કરાયું હતું, જ્યારે સાંજે ભજન-કીર્તનના કાર્યક્રમમાં ભક્તો ભક્તિરસમાં



તરબોળ થયા હતા. આ ઉપરાંત ડભોઈ ડેપો સામે આવેલા જલારામ મંદિરે પણ પાદુકા પૂજન, ધ્વજારોહણ, મહાઆરતી અને ભજન-કીર્તન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. ભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બાપાનાં દર્શન અને આશીર્વાદ મેળવ્યા હતા.

દુઃખીઓની સેવા અને અન્નદાનને જીવનમંત્ર બનાવનાર જલારામ બાપાની જન્મજયંતિ નિમિત્તે બંને મંદિરોમાં ભક્તિમય માહોલ છવાયો હતો. કારતક સુદ સાતમના પવિત્ર દિવસે યોજાયેલા કાર્યક્રમોમાં ભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

રીઢા વાહનચોરને ત્રણ ચોરાઉ ટુ-વ્હીલર સાથે ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 16

વડોદરા શહેરમાં વાહનચોરીના ત્રણ ગુનાઓનો ભેદ ઉકેલી સીટી પોલીસે રીઢા વાહનચોર ભુપેન્દ્રભાઈ મોહનલાલ રાણા (રહે. નાગરવાડા)ને ઝડપી પાડ્યો છે. પોલીસે તેની પાસેથી રૂ.70 હજારની કિંમતનાં ત્રણ ટુ-વ્હીલર કબજે કર્યાં છે. આરોપીએ 10 નવેમ્બરે નવાબજાર ગદા સર્કલ પાસેથી હોન્ડા એક્ટિવા, વારસિયાના ઝુલેલાલ મંદિરની ગલીમાંથી હીરો મેસ્ટ્રો અને 5 નવેમ્બરે બેન્ક રોડ પર કલ્યાણરાયજી મંદિર પાસેથી અન્ય એક એક્ટિવાની ચોરી કરી હતી. ચોરાયેલું એક વાહન કરજણમાં સંબંધીના ઘરેથી કબજે કરાયું હતું. આરોપી સામે અગાઉ જુગારધારા સહિતના ગુનાઓ નોંધાયેલા છે.

છોટાઉદેપુરના ખેડૂતો માટે વિદેશમાં બાગાયતી પેદાશોની નિકાસ કરવાની તક

APEDAની વેબસાઇટ પર ઓનલાઈન ફાર્મ રજિસ્ટ્રેશન શરૂ

(પ્રતિનિધિ) સંખેડા, તા. 16

છોટાઉદેપુર જિલ્લાના બાગાયતી પાકોની ખેતી કરતા ખેડૂતો માટે વિદેશમાં પોતાના ખેતરમાં ઉત્પાદિત ગુણવત્તાસભર ફળો અને શાકભાજીની નિકાસ કરવાની તક ઉપલબ્ધ થઈ છે. આ માટે એગ્રિકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (APEDA)ની સત્તાવાર વેબસાઇટ પર ઓનલાઈન ફાર્મ રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું છે.

નિકાસ કરવા ઈચ્છુક ખેડૂતોએ APEDAની વેબસાઇટ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. રજિસ્ટ્રેશન બાદ અરજીની નકલ સાથે જમીનના 7/12 અને 8-અના ઉતારા, રેશનકાર્ડ, આધારકાર્ડ, ખેતરનો કાચો નકશો તથા ફાર્મ ડાયરીની નકલ સહિતના જરૂરી દસ્તાવેજો જોડવાના રહેશે. આ તમામ દસ્તાવેજો રૂબરૂ અથવા ટપાલ મારફતે નાયબ બાગાયત નિયામકની કચેરી, જિલ્લા સેવા સદન, છોટાઉદેપુર ખાતે જમા કરાવવાના રહેશે.

વિદેશમાં બાગાયતી પેદાશોની નિકાસ કરવા ઈચ્છુક ખેડૂતોને આ તકનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે નાયબ બાગાયત નિયામકની કચેરીના ફોન નંબર 02669-232625 પર સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

જબુગામમાં જલારામ જયંતિની ભવ્ય ઉજવણી, રથયાત્રામાં ભક્તો જોડાયા

(પ્રતિનિધિ) બોડેલી, તા. 16

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના જબુગામ ખાતે પૂજ્ય જલારામ બાપાની જન્મજયંતિની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જલારામ મંદિરે મોટી સંખ્યામાં ભક્તો એકત્રિત થયા હતા અને બાપાનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

જયંતિ નિમિત્તે ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભક્તો ભજન-કીર્તન અને જય જલારામના નાદ સાથે જોડાયા હતા. સમગ્ર ગામ ભક્તિમય બન્યું હતું. આ ઉપરાંત સમસ્ત ગ્રામજનોના સહયોગથી ભવ્ય ભંડારાનું આયોજન કરાયું હતું, જેમાં નાના-મોટા સૌએ પ્રસાદનો લાભ લીધો હતો. સામૂહિક સહભાગિતાથી જયંતિની ઉજવણી હર્ષોલ્લાસભેર સંપન્ન થઈ હતી.

સંખેડા જલારામ મંદિરે ૨૨૭મી જલારામ જયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા

જલારામ બાપાનો જન્મ વિ.સં. ૧૮૫૬, કારતક સુદ સાતમના રોજ થયો હતો

(પ્રતિનિધિ) સંખેડા, તા. 16

સંખેડા ખાતે બે જલારામ મંદિર આવેલા છે. એક જલારામ મંદિર સંખેડા ગામની ભાગોળે કોલેજ સામે સાઈ જલારામ મંદિર છે, જ્યારે બીજું જલારામ મંદિર બાર ફળિયા પાસે આવેલું છે. સંખેડા ખાતે આવેલા જલારામ બાપાના મંદિરે ૨૨૭ મી જલારામ જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. દિવસભર વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

સંખેડા ખાતે આવેલા જલારામ બાપાના પ્રસિદ્ધ મંદિરે જલારામ



હતી. જલારામ બાપાને ૨૨૭ મી જયંતી નિમિત્તે અત્રે જલારામ મંદિર ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.તેમાં સવારે અત્રે સત્યનારાયણ ભગવાનની કથા યોજાઈ હતી. સાંજે ૨૨૭ દીવડાની મહાઆરતી યોજાઈ હતી. આ આરતીમાં ખૂબ જ મોટી સંખ્યામાં ભક્તો આવ્યા હતા. ત્યારબાદ સાંજે જલારામ મંદિર ખાતે મહાપ્રસાદીનો કાર્યક્રમ યોજાયો હતો. ભક્તોએ જલારામ બાપાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને સમગ્ર દિવસ દરમિયાન મંદિર પરિસરમાં ભક્તિમય માહોલ છવાયો હતો.

વિવિધ મંદિરોમાં પ્રભાતફેરી, મહાઆરતી અને રામધૂન યોજાઈ

પાદરા-વડુ પંથકમાં જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી

જકાતનાકા મંદિરે ૧૦ હજારથી વધુ ભક્તોએ મહાપ્રસાદ લીધો

(પ્રતિનિધિ) પાદરા, તા.16

'જ્યાં ટુકડો ત્યાં હરિ ઢુકડો'ના માનવસેવા અને પરોપકારના સંદેશને જીવનમાં ઉતારનાર પૂજ્ય જલારામ બાપાની 227મી જન્મજયંતીની પાદરા-વડુ પંથકમાં ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પાદરા નગર સહિત આસપાસનાં ગામોના જલારામ મંદિરોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

પાદરા જકાતનાકા, લકુલેશનગર, લાલબાવા તળાવ, કાંતીયાળા તળાવ, જૂનાકોઠા મહાદેવ વિસ્તાર અને દીપમંગલ



સોસાયટી સહિતનાં મંદિરોને રોશનીથી શણગારવામાં આવ્યાં હતાં. વહેલી સવારથી જ દર્શનાર્થે ભક્તોની ભીડ ઉમટી હતી. ગોવિંદપુરા નજીક આવેલા જલારામ મંદિરે વાજતે-ગાજતે પ્રભાતફેરી યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનોએ ભાગ લીધો હતો. ઉપરાંત 108 દીવડાની મહાઆરતી અને રામધૂન યોજાઈ હતી.

જકાતનાકા સ્થિત મંદિરે પાદુકા પૂજન, અભિષેક અને પૂજાવિધિ બાદ મહાઆરતી તથા ભવ્ય ભંડારાનું આયોજન કરાયું હતું. જેમાં 10 હજારથી વધુ ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા સહિત આગેવાનો અને ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. માસર રોડ, સેજાકુવા, ગવાસદ, વડુ અને મેઢાદ સહિતનાં ગામોમાં પણ મહાઆરતી, પૂજા-અર્ચના અને મહાપ્રસાદના કાર્યક્રમો યોજાતાં સમગ્ર પંથક જલારામ બાપાના જયઘોષથી ગુંજી ઊઠ્યો હતો.

ખાતરને લગતા પ્રશ્નો માટે વડોદરા જિલ્લામાં કંટ્રોલ રૂમ શરૂ કરાશે

20 નવેમ્બરથી FSAS સિસ્ટમ અમલી બનશે, સવારે 8થી રાત્રે 8 વાગ્યા સુધી ખેડૂતો રજૂઆત કરી શકશે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 16

વડોદરા જિલ્લાના ખેડૂતોને ખાતરના વેચાણ અને વિતરણને લગતા પ્રશ્નોનું ઝડપી નિરાકરણ મળી રહે તે માટે કંટ્રોલ રૂમની સુવિધા શરૂ કરવામાં આવશે. ભારત સરકાર દ્વારા ખાતર વેચાણ વ્યવસ્થાને વધુ પારદર્શક અને સુવ્યવસ્થિત બનાવવા રાજ્યમાં ફર્ટિલાઇઝર સેલ એપ્લિકેશન સિસ્ટમ (FSAS) અમલી બનાવવામાં આવી રહી છે. વડોદરા જિલ્લામાં આગામી 20 નવેમ્બર, 2026થી આ સિસ્ટમનો અમલ કરવામાં આવશે.

FSASના અમલીકરણ દરમિયાન ખેડૂતો તેમજ ખાતર વિક્રેતાઓને પડતી મુશ્કેલીઓના ઝડપી નિરાકરણ માટે Grievance Management System હેઠળ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)ની કચેરીનો ખાસ લેન્ડલાઈન નંબર 0265-2433596 જાહેર કરવામાં આવ્યો છે.

આ અંગે કંટ્રોલ રૂમ સવારે 8થી રાત્રે 8 વાગ્યા સુધી કાર્યરત રહેશે. ખેડૂતો અને ખાતર વિક્રેતાઓ સિસ્ટમના ઉપયોગ, ખાતરના વેચાણ સહિતની સમસ્યાઓ અંગે આ નંબર પર સંપર્ક કરીને પોતાની રજૂઆત કરી શકશે. નવી વ્યવસ્થાના સુચારુ અમલીકરણ અને પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે ખેડૂતોને આ સુવિધાનો લાભ લેવા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), વડોદરા દ્વારા અખબારી યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

વડોદરા સહિતના વૈષ્ણવજનો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટ્યા

પાદરાની બેઠક મહાપ્રભુજી હવેલી ખાતે ભવ્ય અન્નકૂટ દર્શન યોજાયાં

(પ્રતિનિધિ) પાદરા, તા.16

પાદરા નગરની બેઠક મહાપ્રભુજી હવેલી ખાતે દર વર્ષની પરંપરા મુજબ ચાલુ વર્ષે પણ ભક્તિભાવ અને ધાર્મિક માહોલમાં અન્નકૂટ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાદરાના મૂળ વતની અને હાલ વડોદરા ખાતે વસવાટ કરતા વૈષ્ણવજનો સહિત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહી અન્નકૂટનાં દર્શનનો લાભ લીધો હતો.

અન્નકૂટ મહોત્સવ નિમિત્તે હવેલી ખાતે વિવિધ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. ભગવાનનાં અન્નકૂટ દર્શન માટે વહેલી તકે ભક્તો ઉમટી પડ્યા હતા. ધાર્મિક કાર્યક્રમ



અંતર્ગત પરિક્રમા તેમજ શયન આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર હવેલી પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઊઠ્યું હતું.

આ સમગ્ર અન્નકૂટ મહોત્સવનું આયોજન મુખ્યાજી મનુભાઈ તેમજ ટ્રસ્ટીઓ નિકુંજ ચોકસી, સમીરભાઈ શાહ, ગીરીશભાઈ ચોકસી, શિલ્પન ચોકસી, ધવલ ચોકસી અને બાબાભાઈ ચોકસી દ્વારા કરવામાં આવ્યું હતું.

ધાર્મિક કાર્યક્રમના અંતે ઉપસ્થિત વૈષ્ણવજનો અને શ્રદ્ધાળુઓએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો. આમ, બેઠક મહાપ્રભુજી હવેલી ખાતે પરંપરાગત રીતે યોજાયેલા અન્નકૂટ મહોત્સવમાં વૈષ્ણવ સમાજની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહી હતી.

જેતપુરપાવીના વનકુટિર ત્રણ રસ્તે બિરસા મુંડાની ભવ્ય પ્રતિમા બનશે



આદિજાતિ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા. 16

જેતપુરપાવીના વનકુટિર ત્રણ રસ્તા ખાતે ભગવાન બિરસા મુંડાની પ્રતિમા સ્થાપિત કરવામાં આવનાર છે. આ પ્રતિમાના નિર્માણ માટે આદિજાતિ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ભગવાન બિરસા મુંડા આદિવાસી સમાજના મહાનાયક અને સ્વતંત્રતા સંગ્રામના પ્રેરણાસ્ત્રોત રહ્યા છે. તેમની પ્રતિમા સ્થાપિત થવાથી આદિવાસી સમાજમાં ગૌરવ અને ઉત્સાહની લાગણી જોવા મળી રહી છે. વનકુટિર ત્રણ રસ્તા ખાતે બિરસા મુંડાની પ્રતિમા સ્થાપિત થવાથી આ સ્થળ આગામી સમયમાં આદિવાસી સમાજ માટે પ્રેરણાનું કેન્દ્ર બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

મોડી રાત સુધી ઓરકેસ્ટ્રા લાઇવ પાર્ટીમાં નગરજનો ઝૂમ્યા

પાદરામાં ક્લીન પાદરા કાર્નિવલમાં ૩૦ હજારથી વધુ લોકો ઉમટ્યા

(પ્રતિનિધિ) પાદરા, તા.16

પાદરા નગરપાલિકા અને ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા 'ક્લીન પાદરા કાર્નિવલ-૨૦૨૬'ને નગરજનો અને તાલુકાવાસીઓ તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. ત્રણ દિવસ સુધી ચાલેલા આ કાર્નિવલમાં ૩૦ હજારથી વધુ લોકોએ વિવિધ મનોરંજક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનો આનંદ માણ્યો હતો. કાર્નિવલના કારણે પાદરા નગરમાં ઉત્સવ જેવો માહોલ છવાયો હતો.

નગરજનોને મનોરંજનની સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો લાભ મળે અને સામાજિક એકતાની ભાવના મજબૂત બને તેવા



હેતુથી આ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્નિવલમાં બાળકો, યુવાનો, મહિલાઓ અને વડીલો સહિત તમામ વયજૂથના લોકો પરિવાર સાથે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. વિવિધ મનોરંજક પ્રવૃત્તિઓએ બાળકોમાં ખાસ ઉત્સાહ જગાવ્યો હતો.

કાર્નિવલના અંતિમ તબક્કામાં મોડી રાત્રે યોજાયેલી ઓરકેસ્ટ્રા લાઇવ પાર્ટી વિશેષ આકર્ષણ બની હતી. કલાકારોએ લોકપ્રિય ગીતો અને સંગીતમય રજૂઆતો દ્વારા ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. સંગીતના તાલે યુવાનો સહિત નગરજનો ઝૂમી ઊઠ્યા હતા. મોડી રાત સુધી ચાલેલી આ પાર્ટીમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ સહિત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ત્રણ દિવસના આયોજનમાં મળેલા પ્રતિસાદથી આયોજકોમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો.

ઉમરાયાથી પાવાગઢ મહાકાળી માતાજીની સાતમી પદયાત્રાનો પ્રારંભ

મહાકાળી મંડળના યુવાનો, વડીલો અને બાળકો સહિત ગ્રામજનો જોડાયા

(પ્રતિનિધિ) પાદરા, તા. 16

મહીસાગર નદીના કિનારે વસેલા પાદરા તાલુકાના ઉમરાયા ગામે મહાકાળી મંડળ દ્વારા પાવાગઢ મહાકાળી માતાજીના દર્શનાર્થે સાતમી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. મંડળના 50મા નવરાત્રી મહોત્સવથી શરૂ થયેલી આ પરંપરા 56મા નવરાત્રી મહોત્સવની પૂર્ણાહુતિ બાદ પણ જાળવી રાખવામાં આવી છે.

તા. 15 નવેમ્બરના રોજ ગામના યુવાનો, વડીલો અને બાળકો સહિત ગ્રામજનોની ઉપસ્થિતિમાં પદયાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. સરપંચ અર્જુનસિંહ પઢિયાર અને તાલુકા પંચાયતના સભ્ય અજીતભાઈ પઢિયારે યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. પ્રસ્થાન પૂર્વે મહાકાળી મંદિરે મહારાજ ધવલ પુરોહિત, મહેન્દ્ર પુરોહિત અને દિનેશ પાઠક દ્વારા ધ્વજાપૂજન, માતાજીની સ્તુતિ, આરતી અને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું.

મંડળના યુવા કાર્યકરો રાજેન્દ્ર (ડીગો-રાધા) અને સંજય (બાથો) ના જણાવ્યા મુજબ પદયાત્રીઓ 16 નવેમ્બરે સાંજે ચાંપાનેર પહોંચશે. ત્યાં રાત્રિ રોકાણ બાદ 17 નવેમ્બરે વહેલી સવારે પાવાગઢ ખાતે મહાકાળી માતાજીના મંદિરે ધ્વજારોહણ કરશે. પદયાત્રામાં શ્રદ્ધા અને સામૂહિક એકતાનો માહોલ જોવા મળ્યો હતો.

પાટીદાર સેવા સમાજની વાર્ષિક સભા ૧૮મીએ યોજાશે

(પ્રતિનિધિ) પાદરા, તા. 16

શ્રી પાદરા તાલુકા પાટીદાર સેવા સમાજની સ્થાપના દિવસ નિમિત્તે ૧૮ નવેમ્બર, બુધવારે વાર્ષિક સાધારણ સભા અને તેજસ્વી વિદ્યાર્થીઓના ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરાયું છે. સમાજના ૨૨મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે પાદરા-દરાપુરા રોડ સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે બપોરે ૩ વાગ્યે ડૉ. શકુભાઈ એ. પટેલના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાશે. સભામાં વર્ષ ૨૦૨૫-૨૬ના વહીવટી અહેવાલને મંજૂરી, ફેબ્રુઆરી-૨૦૨૭માં સમૂહલગ્નના આયોજન અંગે ચર્ચા તથા ૭૦ વર્ષ પૂર્ણ કરનાર વડીલોનું સન્માન કરાશે. ઉપરાંત તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરાશે. અંતે સમૂહ પ્રીતિભોજનનું આયોજન કરાયું છે. પ્રમુખ હસમુખભાઈ પટેલ સહિત હોદ્દેદારોએ સભાસદોને ઉપસ્થિત રહેવા અપીલ કરી છે.